# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૨૮૮૦૨

તા. ૦૫/૦૩/૨૦૧૯

સંદર્ભ:- (૧) આ યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક: ૫૯૬ તા. ૧૮/૦૮/૨૦૧૮

(૨) આ યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક: ૬૬૬ તા. ૨૭/૧૦/૨૦૧૮

(૩) આ યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક: ૭૪૯ તા. ૦૭/૦૨/૨૦૧૯

પરિપત્ર-૭૬૫

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે રાજ્યમાં યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી,ઉચ્ચ ગુણવતા યુક્ત શિક્ષણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે,MSSIVE ONLINE OPEN COURSEWARE(MOOC) તેમજ ખ્યાતનામ સંસ્થાઓના વિડીયો લેક્ચર્સ, સ્પ્લીમેન્ટ્રી ક્વીઝ ઈત્યાદી મેળવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર (વર્ષ ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ સહીત) વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ આપવામાં આવનાર છે. આ યુનિવર્સિટીનાં સંદર્ભ દર્શિત પરિપત્રો મુજબ વર્ષ-૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ (વર્ષ ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ સહીત) વિદ્યાર્થીઓને મળવાપાત્ર ટેબલેટ અંગેની જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવેલ હતું. ઉપરોક્ત અનુસંધાને તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંયુક્ત નિયામકશ્રી (ટેકનીકલ એજ્યુકેશન) તરફથી મળેલ સુચના અનુસાર આપની કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ (વર્ષ ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ સહીત) વિદ્યાર્થીઓ કે જેમનું રજીસ્ટ્રેશન અંતિમ તબક્કામાં પણ થયેલ ના હોય તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન તા. ૦૮/૦૩/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરી રજીસ્ટ્રેશન અંગેની યાદી ઉપરોક્ત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે તેમજ ફી યુનિવર્સિટીનાં ખાતામાં જમા કરાવ્યાની રસીદની નકલ તા. ૧૧/૦૩/૨૦૧૯નાં રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુક્પુર, ગોધરા ખાતે રૂબરૂમાં હાર્ડકોપી અને સોફ્ટકોપી સ્વરૂપે પહોંચાડવાની રહેશે. વિશેષમાં નિયત સમય-મર્યાદા બાદ આવી કોઈ પણ પ્રકારની અરજી યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહિ જેની બિનચૂક નોંધ લઇ આ અંગેની આગળની કાર્યવાહી પૂર્ણ કરવા વિનંતી.

કા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.